ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૮/૧૯–૨૦/3234 તારીખ : 16 AUG 2019

**આર.પી.એ.ડી.**

કેસ નં.૨૮/૧૯–૨૦

પ્રતિ,
મે. મારૂતિ રોપમેક,
પ્લોટ નં.૧૬૫/૧૬૬,
વરતેજ, જી.આઈ.ડી.સી.,
જી.ભાવનગર.
**મો.નં. ૯૯૦૯૫ ૨૧૯૮૬.**

**વિષય : ૧૧ કે.વી. લાઈન ટ્રાન્સફર કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૭/૦૫/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૮/૧૯–૨૦/૨૧૩૦ તા.૧૦/૦૬/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૮/૧૯–૨૦/૨૬૦૭ તા.૦૮/૦૭/૨૦૧૯.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૮/૧૯–૨૦/૨૮૮૨ તા.૨૫/૦૭/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૬/૦૮/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ભાવનગર ગ્રામ્ય.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વરતેજ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૨૮/૧૯–૨૦**

વાદી :– મે. મારૂતિ રોપમેક

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખઃ– ૦૬.૦૮.૨૦૧૯**

હાજર રહયા :– શ્રી જીતેશભાઈ ડી. પટેલ – (મે. મારૂતિ રોપમેકના પ્રોપ્રાઈટર)

પ્રતિવાદી :– શ્રી પી. સી. પંચાલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે. મારૂતિ રોપમેક, વરતેજ, જી.ભાવનગરની ૧૧ કે.વી. લાઈન ટ્રાન્સફર કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૮/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૨૮/૧૯–૨૦/૨૧૩૦ તા.૧૦.૦૬.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૯.૦૭.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી અને પ્રતિવાદી બન્ને હાજર પરંતુ પ્રતિવાદી દવારા સર્વે કરી રીપોર્ટ આપવા માટે વધુ એક મુદતની માંગણી કરેલ છે. જે અન્વયે બીજી મુદત તા.૦૬.૦૮.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદીશ્રી જીતેશભાઈ ડી. પટેલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફેશ્રી પી. સી. પંચાલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વરતેજ GIDC માં આવેલ પ્લોટ નં.૧૬૫/૧૬૬ માં ૧૧ કે.વી.ની વીજલાઈન પસાર થાય છે. જે પ્લોટના જમીન સ્તરથી ઓછી ઉંચાઈએથી પસાર થાય છે.

૧.૨ સદરહુ વીજલાઈન જમીન લેવલથી ખુબ જ નીચે હોય તા.૨૨.૦૬.૨૦૧૮ ના રોજ જીવલેણ/ પ્રાણઘાતક અકસ્માત પણ થયેલ છે. માત્ર અને માત્ર વીજલાઈન નીચે હોવાને કારણે જ અકસ્માત થયેલ છે. જે આપની જાણ સારૂ.

૧.૩ વધુમાં જણાવવાનું કે પ્લોટ નં.૧૬૪ ના માલિક દવારા તેમના પ્લોટમાં આવેલ વીજપોલ અને લાઈન ફેરવવા બાબતે રજુઆત કરેલ જે અનુસંધાને PGVCL દવારા F.Q. નં.૧૦૬૫૫ અન્વયે તા.૦૬.૦૩.૧૨ ના રોજ રૂા.૫૮૫૦/–

માલિક દવારા પીજીવીસીએલને ભરવામાં આવેલ હતાં અને તેઓશ્રીની અરજીને ઘ્યાને લઈ PGVCL ના અધિકારી દવારા સદર પોલ હટાવી ૧૬૫ નંબરના પ્લોટમાં નાખવામાં આવેલ છે. જેમાં પ્લોટ માલિકની કોઈ મંજુરી લેવામાં આવેલ ન હતી. તેથી મારા પ્લોટમાં આવેલ વીજપોલને તેમજ લાઈનને વહેલી તકે બદલી આપવા વિનંતી છે. આ બાબતને પીજીવીસીએલ કચેરી મારફત લાઈન હટાવવા અમોને એસ્ટીમેટ આપેલ છે, જે રકમ ભરવા અમો બંધાયેલ નથી.

૧.૪ ઉપરોકત અમારી રજુઆતને ઘ્યાને લઈ અમારી રજુઆતને યોગ્ય ન્યાય અપાવવા માટે સદર વીજપોલ તથા ૧૧ કે.વી. વીજલાઈન પ્લોટ નં.૧૬૫/૧૬૬ માંથી હટાવવા માટે કાર્યવાહી કરવા વિનંતી. વધુમાં વીજલાઈન જમીન લેવલથી ખુબ જ નીચી હોય અકસ્માત થવા સંભવ છે, જેની જવાબદારી અમારી રહેશે નહી તેવું પણ આપશ્રીને જણાવી દઈએ.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ સદર માલિકી વાળી જગ્યાનું કાર્યક્ષેત્ર સીટી–૨ વિભાગીય કચેરીના ચિત્રા પેટા વિભાગીય, પીજીવીસીએલ હેઠળ આવે છે. પરંતુ વાદીની માલિકીવાળી જગ્યાનો પ્લોટમાંથી જે લાઈન પાસર થાય છે તે લાઈન ગ્રામ્ય વિભાગીય કચેરીના વરતેજ પેટા વિભાગીય કચેરી, પીજીવીસીએલ હેઠળ આવે છે. જે લાઈન શીફટીગ કરવા માટેથી વાદીએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસ નં.૨૮/૧૯–૨૦ થી નોંધાવેલ છે. જેની હકીકત નીચે મુજબ છે.

૨.૨ સદર જગ્યામાંથી લાઈન પસાર થાય છે અને તે લાઈન શીફટટ કરવા માટેની પ્રથમ અરજી વાદી દવારા તા.૧૦.૦૭.૧૮ ના રોજ કરવામાં આવેલ હતી, જયારે તમારી જગ્યામાં લાઈન નીચે બાંધકામ તો અગાઉથી ચાલુ જ હતું. તેમજ વાદીની જગ્યામાં વીજ અકસ્માત પણ તે પહેલા એટલે કે તા.૨૨.૦૬.૧૮ ના રોજ બનેલ હતો.

૨.૩ પછીથી ચિત્રા પે.વી.કચેરી દવારા વાદીની લાઈન નીચે ગેરકાયદેસર બાંધકામ કરી રહયા છો તેની નોટીસ વાદીને પત્ર નં.સીએસડી/ટિક.સલામતી/૫૨૬૯ તા.૩૦.૦૬.૧૮ ના રોજ આપવામાં આવેલ હતી અને સદર લાઈન નીચે બાંધકામ ન કરવા તેમજ આ લાઈન શીફટ કરાવી લેવા અને તે માટેનો જરૂરી ચાર્જ ભરપાઈ કરવા માટેથી પણ વાદીને ચિત્રા પે.વી.કચેરી દવારા પત્ર નં.સીએસડી/ટિક.સલામતી/૫૫૬૨ તા.૧૬.૦૭.૧૮ ના રોજ પણ પત્ર લખેલ હતો.

૨.૪ ત્યારબાદ વાદીએ તા.૦૨.૦૮.૧૮ ના રોજ ચિત્રા પે.વી.કચેરીને લાઈન શીફટ કરવા માટેનો પત્ર લખેલ અને જેની નકલ વરતેજ પેટા વિભાગીય કચેરીને વાદી દવારા પાઠવેલ જેના અનુસંધાને વરતેજ પે.વી.કચેરી દવારા વાદીની હાજરીમાં લાઈન શીફટ કરવા માટેનું જરૂરી સર્વે હાથ ધરેલ અને તે માટેનું વાદીને પત્ર નં.વીએસડી/ટિક/શીફટીગ/૭૦૭૯ તા.૧૨.૦૯.૧૮ ના રોજ રૂા.૬,૩૯,૫૧૩/– નું અંદાજપત્ર આપેલ હતું.

૨.૫ સદર અંદાજપત્ર વાદીને આપ્યા બાદ વાદી દવારા સદર અંદાજપત્ર ભરપાઈ કરવાનું રહેતું નથી અને પ્લોટ નં.૧૫૪ ના માલિક દવારા તા.૦૭.૦૩.૨૦૧૨ ના રોજ રૂા. ૫૮૫૦/– ભરપાઈ કરેલ તેવી અરજી કરેલ જેના

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar.

અનુસંધાને વાદીને જણાવવાનું કે તમો દવારા તા.૨૨.૦૬.૧૮ ના રોજ થયેલ અકસ્માત અગાઉ લાઈન શીફટ કરવા માટે પણ અરજી ન કરી કે ન રજુઆત કરી કે આ લાઈન શીફટ કરવા માટેથી વાદીએ અગાઉ પૈસા ભરપાઈ કરેલ છે પણ લાઈન શીફટ થયેલ નથી.

૨.૬ વાદી દવારા આવેલ પ્રથમ બન્ને અરજીમાં પણ એવો કોઈ ઉલ્લેખ પણ કરવામાં આવેલ નથી કે અગાઉ પૈસા ભરપાઈ કરેલ છે તેમજ તેનો આધાર પુરાવો પણ રજુ કરેલ નથી.

૨.૭ સદર જગ્યા તો વાદીને GIDC તરફથી તો પત્ર નં.GIDC:RM:BVN:TRF:811 તા.૨૪.૦૪.૨૦૧૩ ના રોજ થયેલ છે. જયારે વાદી લાઈન શીફટીગના પૈસા ભરપાઈ કર્યાની રજુઆત તો તા.૦૭.૦૩.૧૨ ની કરેલ છે જે વાદી હસ્તક સદર જગ્યા આવી તે પહેલાના સમયની છે. વળી સદર પહોંચ કયાં કામ માટેની છે, તેનો ઉલ્લેખ કયાય વંચાતો નથી તેથી આ પહોંચ કયાં અનુસંધાનેની છે તેનું FQ કે પીજીવીસીએલના એસ્ટીમેટના પત્ર રજુ કરશો તો ખાત્રી થઈ શકે તેથી વાદીએ પીજીવીસીએલ દવારા આપવામાં આવેલ પહોંચ જે કૃણાલ મોરડીયાના નામની છે તે અન્ય કોઈ કામની પણ હોઈ શકે કારણકે જે તે લાઈન શીફટ કરવાની અંદાજીત રકમ જ રૂા.૬,૩૯,૫૧૩/– થાય છે તથા ફકત પ્લોટ નં.૧૬૪ માંથી આ પોલ શીફટ કરવાની આખી લાઈન શીફટ થઈ શકે નહી.

૨.૮ જો વાદી દવારા પૈસા ભરપાઈ કર્યા જ હોય અને લાઈન નડતરરૂપ હોય જ તો વાદીએ તો તે જગ્યા પર બાંધકામ તો પીજીવીસીએલને કોઈપણ જાણ કર્યા વિના ચાલુ કરી આપેલ જ હતું પરંતુ સદર જગ્યા પર અકસ્માત થયા બાદ અને વાદીને લાઈન શીફટીગ કરવા માટેનું અંદાજપત્ર આપવામાં આવેલ ત્યારબાદ જ પૈસા ભરપાઈ કરવાના રહેતા નથી અને અગાઉ ભરપાઈ કરેલ છે, તેવી અરજી કરેલ છે જે ગેરવ્યાજબી છે.

૨.૯ વાદી દવારા લેખિત રજુઆત કરેલ કે સદર પ્લોટોની ફાળવણી તા.૧૦.૧૧.૨૦૦૯ ના રોજ કરેલ તે ખોટી છે કારણકે વાદીને પ્લોટ જ પત્ર નં.GIDC:RM:BVN:TRF:811 તા.૨૪.૦૪.૨૦૧૩ ના રોજ આપેલ છે અને આ પ્લોટમાંથી પસાર થતી ન હતી તે રજુઆત સદંતર ખોટી છે. આ લાઈન વર્ષો જુની છે અને તે જગ્યાએથી વર્ષોથી લાઈન પસાર થાય છે. તેમ છતાં વાદીની રજુઆત મુજબ જોઈએ તો પ્લોટની ફાળવણી થઈ તે જગ્યા લાઈન પસાર નહોતી થતી અને ફાળવણી થઈ ત્યારબાદ લાઈન નાખવામાં આવેલી તો તે સમયે વાદી દવારા લાઈન માલિકીની જગ્યામાંથી ન નાખવા માટેની કોઈ રજુઆત વરતેજ પે.વી.કચેરીને મળેલ નથી અને વાદી દવારા કરેલ નથી તો કેમ માની શકાય કે આ લાઈન વાદીને પ્લોટોની ફાળવણી થઈ ત્યારબાદ નાખવામાં આવેલ હતી.

૨.૧૦ તા.૨૨.૦૬.૧૮ ના રોજ અકસ્માત થયેલ જેનું કારણ ફકત ને ફકત જમીનમાં વાદી દવારા પુરાણ કરવામાં આવેલ જેના અનુસંધાને લાઈનનું જમીનથી જે અંતર હોવું જોઈએ તે ના રહયું અને વાદી દવારા એકદમ લાઈન નીચે જ બાંધકામ કરતા હોવાના કારણોસર જે તે સમયે વીજ અકસ્માત બનવા પામેલ હતો.

૨.૧૧ આમ વાદી દવારા લાઈન શીફટીગ માટે અગાઉ કોઈ રજુઆત કરેલ નથી કે નહી વાદીએ લાઈન નીચે બાંધકામ કરી રહયા છો તેની જાણ કરેલ અને જમીનમાં પુરાણ કરવાથી લાઈન અને જમીનની વચ્ચે અંતર ઘટી ગયેલ અને તેમજ વાદીને લાઈન ફેરવવા માટેનું અંદાજપત્ર આપવામાં આવેલ જે ભરપાઈ કરેલ નથી આથી ઉપરોકત તમામ હકીકતો જોતા સ્પષ્ટ છે કે સદર લાઈન શીફટીગ માટેનું અંદાજપત્ર ભરપાઈ કર્યા બાદ જ લાઈન ફેરવી શકાય તેમ છે.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મે. મારૂતિ રોપમેકના નામનું વરતેજ જી.આઈ.ડી.સી.માં પ્લોટ નં.૧૬૫ ની માલિકી ધરાવે છે.

૩.૨ વાદીનાં માલિકીનાં પ્લોટ નં.૧૬૫ માંથી પ્રતિવાદીની ૧૧ કે.વી.લાઈન પસાર થતી હોય અને તેને લીધે વીજ અકસ્માત થવાની શકયતાઓ હોય, વાદીએ ફોરમને રજુઆત કરેલ છે કે તેઓનાં પ્લોટમાંથી પસાર થતી લાઈનનાં કારણે પ્લોટનો જરૂરી ઉપયોગ કરી શકતાં નથી, આથી પ્રતિવાદી તે લાઈન ફેરવવી જોઈએ.

૩.૩ પ્રતિવાદી દવારા વાદીને લાઈન ફેરવવા માટેનું રૂા.૬,૩૯,૫૧૩/–નું અંદાજપત્ર આપેલ છે. પ્રતિવાદીએ રજુ કરેલ સાઈટ સ્કેચ ઉપરથી પ્રતિવાદીએ હયાત લાઈનને ફેરવવા માટે અન્ડરગ્રાઉન્ડ ૧૧ કે.વી. કેબલ પ્રપોઝ કરેલ હોય, વાદીનું અંદાજપત્ર રૂા.૬,૩૯,૫૧૩/– નું ભરવાનું થાય છે.

૩.૪ તા.૧૯.૦૭.૧૯ ના રોજ ફોરમ દવારા વાદી અને પ્રતિવાદીને સુચના આપેલ કે સ્થળ પર જોઈન્ટ સર્વે કરી અને રોજકામ ફોરમને રજુ કરવું તેમજ પ્રતિવાદીએ સુચવેલ લાઈન શીફટીગનો ખર્ચ તેમજ રૂટ અંગે બીજી શકયતાઓ તપાસ અને રીપોર્ટ કરવા જણાવેલ.

૩.૫ તા.૦૬.૦૮.૧૯ ના રોજ પ્રતિવાદી દવારા સ્થળ પરનું રોજકામ રજુ કરવામાં આવેલ. જે રોજકામમાં વાદી તેમજ પ્રતિવાદીનાં નાયબ ઈજનેરશ્રીની સહી કરવામાં આવેલ છે. રોજકામ મુજબ પ્રતિવાદીએ પહેલા રજુ કરેલ સર્વેનાં નકશા સિવાય બીજી કોઈ લાઈન ફેરવવાની શકયતા નથી, તેવું જણાવેલ છે.

૩.૬ વાદીની ફોરમને મૌખિક રજુઆત મુજબ તેમના પ્લોટમાંથી પસાર થતી લાઈન ની જ શીફટીગ શકય છે જો એક જ પોલને પ્લોટની બાઉન્ડ્રી સુધી ખસેડવામાં આવે તો વાદીનાં પ્લોટમાંથી પસાર થતી લાઈન દુર થઈ શકે પરંતુ પ્રતિવાદીનાં નાયબ ઈજનેરશ્રીએ જોઈન્ટ સર્વે સમયે તેની વિનંતી ધ્યાનમાં લીધેલ નહી.

૩.૭ પ્રતિવાદીને હુકમ કરવામાં આવે છે કે આજરોજ ફોરમમાં થયેલ ચર્ચા મુજબ ફરીથી વાદીની હાજરીમાં સર્વે કરી અને પ્લોટ નં.૧૬૫ માં રહેલ થાંભલો ફેરવવાનું સર્વે કરી અને વાદીને ફરીથી તે મુજબ તાંત્રિક શકયતાઓ તપાસી વાદીને બને તેટલી ઓછી રીતે લાઈન અડચણ થાય તેવો હકારાત્મક અભિગમ રાખી અને પ્રશ્નનું નિવારણ લાવવું અને નવું અંદાજપત્ર આપવું, જે વાદીએ ભરપાઈ કર્યાથી આગળની કાર્યવાહી કરવી.

Grievance Redressal ... P.G.V.C.L. Bhavnagar.

## —:: હુકમ ::—

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૭ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર. વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૦૬.૦૮.૨૦૧૯

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.